RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 59 Date: 20.12.2023 Wednesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# સંસદના ઈતિહાસની સૌથી મોટી કાર્યવાહી! વિપક્ષના વધુ ૪૯ સાંસદ સસ્પેન્ડ, કુલ ૧૪૧ સાંસદની હકાલપટ્ટી



નવી દિલ્હી, તા. ૧૯

સંસદ સુરક્ષામાં ચૂક મામલે કેન્દ્રીય ગૃહમંત્રીના નિવેદનની માંગ કરી રહેલા વિપક્ષનો હંગામો આજે પણ ચાલુ રહ્યો. લોકસભામાં અધ્યક્ષનું અપમાન કરનારા ૪૧ સાંસદોને આજે ફરી સસ્પેન્ડ કરાયા, જેમાં કોંગ્રેસના સાંસદ શશિ થરૂર, સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવ અને એનસીપી સાંસદ સુપ્રિયા સૂલે પણ સામેલ છે. આ ઉપરાંત ૮ રાજ્યસભા સાંસદોને પણ સસ્પેન્ડ કરાયા છે.આમ અત્યાર સુધી કુલ ૧૪૧ સાંસદની હકાલપટ્ટી કરાઈ ચૂકી છે. ૧૮ ડિસેમબર સુધી સંસદના કુલ ૯૨ સાંસદ સસ્પેન્ડ હતા. આજે આ મોટા નેતા થયા સસ્પેન્ડ

કોંગ્રેસ નેતા મનીષ તિવારી, કાર્તિ ચિદમ્બરમ, શશિ થરૂર, બસપાના દાનિશ અલી, એનસીપીના સુપ્રિયા સૂલે, સપા સાંસદ ડિમ્પલ યાદવ, એસટી હસન, તૃણમૂલ સાંસદ માલા રોય અને આમ આદમી પાર્ટીના સાંસદ સુશીલ કુમાર રિંકુ પણ આ યાદીમાં સામેલ છે.

સંસદ નિયમોથી ચાલશે, આ છેલ્લી ચેતવણીઃ ઓમ બિરલાસંસદની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સભ્યો હાથમાં બેનરો સાથે નારાબાજી શરૂ કરી હતી. બાદમાં તેઓ વડાપ્રધાનની તસવીર સાથેના પ્લેકાર્ડ તેમની ખુરશી સામે આવી ગયા હતા અને હંગામો શરૂ કરી દીધો. આમ છતાં લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષી સાંસદોએ જોરશોરથી નારાબાજી કરી. તેથી બિરલાએ તમામ સભ્યોને હંગામો નહીં કરવા અને ગૃહની કાર્યવાહી નિયમો પ્રમાણે જ આગળ વધવા દેવાનો આગ્રહ કર્યો, પરંતુ તેમની વાત કોઈએ ના સાંભળી. આ દરમિયાન બિરલાએ કહ્યું કે 'આ ગૃહ તમારું છે. ગૃહ નિયમો પ્રમાણે ચાલે છે અને તે પણ તમે જ બનાવ્યા છે. તમે જ ગૃહમાં બેનરો લઈને નહીં આવવાનું કહ્યું હતું. આવું ચાલ્યું તો ગૃહ નહીં ચાલે. આખો દેશ ગૃહની કાર્યવાહી જોઈ રહ્યો છે. તમે ગૃહની મર્યાદા તોડી રહ્યા છો. એટલે તમને છેલ્લી ચેતવણી આપું છું.'આમ છતાં તેમની વાત કોઈએ ના સાંભળતા તેમણે ૪૯ સાંસદને સસ્પેન્ડ કરી દીધા હતા. ફરી આ લોકો આવશે તો બંધારણ ખતમ થઈ જશેઃ અખિલેશ યાદવ

બીજી તરફ સંસદમાંથી વિપક્ષી સાંસદોને સસ્પેન્ડ કરવા મુદ્દે સપા અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે, કયા મોઢે સંસદને લોકતંત્રનું મંદિર કહેશે આ લોકો. જે રીતે આ લોકોએ વિપક્ષ સાથે વ્યવહાર કર્યો છે તો પ્રમાણે જો ફરી પણ આ લોકો જ ચૂંટાશે તો બંધારણ જ ખતમ થઈ જશે.

## છત્તીસગઢના ૯૦ ધારાસભ્યોએ શપથ લીધા, રમણ સિંહ સર્વાનુમતે વિધાનસભાના અધ્યક્ષ બન્યા

રાયપુર,તા.૧૯

છત્તીસગઢમાં, ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ ધારાસભ્ય અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રમણ સિંહને સર્વસંમતિથી રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. આ સાથે મંગળવારે નવા ચૂંટાયેલા ગૃહનું પ્રથમ સત્ર શરૂ થયું હતું. સત્રના આજે પ્રથમ દિવસે એટલે કે મંગળવારે, પ્રોટેમ સ્પીકર રામવિચાર નેતામે ભાજપ અને કોંગ્રેસના ધારાસભ્યો અને ગોંડવાના ગણતંત્ર પાર્ટીના ધારાસભ્યોને શપથ લેવડાવ્યા હતા.

મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈ, વિપક્ષના નેતા ચરણદાસ મહંતા, નાયબ મુખ્ય પ્રધાનો અરુણ સાઓ અને વિજય શર્મા, ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનો રમણ સિંહ અને ભૂપેશ બઘેલ એ ધારાસભ્યોમાં સામેલ હતા જેમને 'પ્રોટેમ સ્પીકર' દ્વારા શપથ લેવડાવ્યા હતા. ધારાસભ્યોના શપથગ્રહણ બાદ છત્તીસગઢની છઠ્ઠી વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી થઈ. મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈએ રમણ સિંહને વિધાનસભા અધ્યક્ષ તરીકે પસંદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને નાયબ મુખ્ય પ્રધાન અરુણ સાઓએ ટેકો આપ્યો હતો.

વિપક્ષના નેતા ચરણદાસ મહંતે પણ સિંહને વિધાનસભા અધ્યક્ષ તરીકે પસંદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને ભૂપેશ બઘેલ દ્વારા ટેકો મળ્યો હતો. સિંહની તરફેણમાં ભાજપના સભ્યો દ્વારા વધુ ત્રણ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા.

## ગંગા-યમુના વચ્ચેની બધી જમીન અમારી, હાઈકોર્ટે ૧૦ હજાર દંડ ફટકારી અરજી ફગાવી



તા. ૧૯

તાજેતરમાં એક વ્યક્તિએ ગંગા અને યમુના નદી વચ્ચેની તમામ જમીન તેમના પોતાની હોવાનો દાવો કરતી અરજી દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરી હતી. જો કે, હાઈકોર્ટ તેની અરજી ફગાવી અને તેના પર રુપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. ગંગા અને યમુના નદી વચ્ચેની તમામ જમીન પર દાવો કરનાર વ્યક્તિનું નામ કુંવર મહેન્દ્ર ધ્વજ પ્રસાદ સિંહ છે. સિંહે આ ઉપરાંત હાઈકોર્ટમાં કહ્યું છે કે, આજે આગ્રા, મેરઠ, અલીગઢ, દિલ્હી, ગુડગાંવ અને ઉત્તરાખંડની ૬૫ પોતાની સંપત્તિનો ભાગ હોવાનો દાવો કર્યો છે. અરજીમાં સિંહે એવુ પણ કહ્યું છે કે, તે બેસવાનના અવિભાજ્ય રજવાડાનો વારસદાર છે. તેમનો ભારત સંઘમા ક્યારેય વિલય થયો નથી. અરજીની સુનાવણી દરમ્યાન કોર્ટે કહ્યું કે, અરજી મેન્ટેનેબલ છે કે કેમ ? એ સવાલ પર કહ્યું કે, આ અરજી સંપુર્ણ રીતે ખોટી છે, તેમજ તે કાયદાકીય પ્રક્રિયાનો દુરુપ્રયોગ થઈ રહ્યો છે અને કોર્ટનો સમય બરબાદ કરી રહ્યો છે.અરજદારે વધુ દાવો કરતાં કહ્યું કે, આજે પણ તેનો પરિવાર એક રજવાડાંનો દરજ્જો ધરાવે છે. તેની માલિકીના તમામ વિસ્તારો ભારત સરકારને ક્યારેય ટ્રાન્સફર કરવામાં આવ્યા નથી. વધુમાં તેણે દલીલ કરતાં એમ કહ્યું કે, ૧૯૪૭માં ભારતની આઝાદી પછી ભારત સરકારે બેસવાન અવિભાજ્ય રાજયના વિલય બાબતે ક્યાય કોઈપણ પ્રકારની સમજુતી થઈ નથી, તેમજ કોઈ સંધિપત્ર પર હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા નથી. અરજીકર્તાએ રિટ અરજીમાં દાવો કરતાં કહ્યું છે કે, આ મુદ્દે કોઈ અધિગ્રહણ પ્રક્રિયા પણ થઈ નથી. એટલે બેસવાન અવિભાજ્ય રાજ્ય આજની તારીખે પણ બેસવાન પરિવાર હસ્તક છે. સિંહે કહ્યું કે, સત્તાવાર રીતે વિલીનીકરણ સુધી આ વિસ્તારમાં લોકસભા, રાજ્યસભા, રાજ્ય વિધાનસભા અથવા સ્થાનિક ચૂંટણીઓ ન કરાવે તેવુ કહ્યું છે.

## સરકારી બંગલો ખાલી કરવાના મહુઆ મોઈત્રાના મામલામાં હાઈકોર્ટમાં સુનાવણી ૪ જાન્યુઆરી સુધી મુલતવી

નવીદિલ્હી,તા.૧૯

ટીએમસી નેતા મહુઆ મોઇત્રા દ્વારા કેશ ફોર ક્વેશ્ચન કેસમાં સરકારી બંગલો ખાલી કરવા માટે આપવામાં આવેલી નોટિસને પડકારતી અરજી પર હાઇકોર્ટમાં સુનાવણી ૪ જાન્યુઆરી સુધી સ્થગિત કરવામાં આવી છે. મહુઆ મોઇત્રાને હાલમાં હાઈકોર્ટ તરફથી કોઈ રાહત મળી નથી.

દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે સુપ્રીમ કોર્ટ મહુઆ મોઈત્રાની હકાલપટ્ટી વિરુદ્ધ દાખલ અરજી પર સુનાવણી કરી રહી છે. આવી સ્થિતિમાં હાઈકોર્ટ હાલમાં આ અંગે સુનાવણી કરી શકે નહીં. મહુઆએ બંગલો ખાલી કરાવવાની નોટિસ પર પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે.

૧૧ ડિસેમ્બરે એસ્ટેટ વિભાગે બંગલો ખાલી કરવાની નોટિસ આપી છે. લોકસભામાંથી તેણીની હકાલપટ્ટી પછી, ભૂતપૂર્વ ટીએમસી સાંસદ મહુઆ મોઇત્રાને એસ્ટેટ ડિરેક્ટોરેટ દ્વારા ૭ ફેબ્રુઆરી સુધીમાં તેમનું સત્તાવાર નિવાસસ્થાન ખાલી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ અરજીમાં, સાંસદે વિનંતી કરી છે કે એસ્ટેટ ડિરેક્ટોરેટના ૧૧ ડિસેમ્બરના આદેશને રદ કરવામાં આવે અથવા મોઇત્રાને વૈકલ્પિક રીતે ૨૦૨૪ના લોકસભા પરિણામો



જાહેર થાય ત્યાં સુધી ઘરનો કબજો જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવે.મોઇત્રાને ઉદ્યોગપતિ દર્શન હિરાનંદાની પાસેથી ભેટ સ્વીકારવા અને તેની સાથે સંસદની વેબસાઇટનો યુઝર આઈડી અને પાસવર્ડ શેર કરવા બદલ ×અનૈતિક વર્તણૂક× માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો અને ૮ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ તેને લોકસભામાંથી હાંકી કાઢવામાં આવ્યો હતો. લોકસભાએ તેમની હકાલપટ્ટીની ભલામણ કરતી એથિક્સ કમિટીના રિપોર્ટને સ્વીકાર્યા પછી, તેમણે તેમની હકાલપટ્ટીને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે.

## સમગ્ર ઉત્તર ભારતના વિસ્તારોમાં લોકો ગાત્રો થીજવતી ઠંડીથી પરેશાન

નવીદિલ્હી,તા.૧૯

દેશની રાજધાની દિલ્હીમાં વહે ઠંડીનો કહેર વધવાનો છે. કારણ કે હવે બર્ફીલી હવાઓ વધવાની આશંકા જતાવવામાં આવી રહી છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસથી પહાડ પર થઈ રહેલી બરફવર્ષાના પગલે ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે.ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી આવતા આ પવનની ઝડપ વધી છે. જેના કારણે સવાર સાંજ ઠંડી મહેસૂસ



થઈ રહી છે. સોમવારે દિલ્હીનું ન્યૂનતમ તાપમાન ૭.૧ નોંધાયુ છે. દિલ્હીમાં આગામી ચાર દિવસ આકાશમાં વાદળા છવાયેલા રહેશે. સવારના સમયે ધુમ્મસ છવાયેલું રહેશે. ગુજરાતમાં કેવી રહેશે ઠંડી એ પણ ખાસ જાણો.

દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સહિત સમગ્ર ઉત્તર ભારતના વિસ્તારોમાં લોકો ગાત્રો થીજવતી ઠંડીથી પરેશાન થઈ રહ્યા છે. પહાડી વિસ્તારોમાં શરૂ થયેલી બરફવર્ષાએ મેદાની વિસ્તારોમાં ઠંડી વધારી છે. જ્યારે દક્ષિણ ભારતમાં વરસાદનો સિલસિલો ચાલુ છે. હવામાનની વાત કરીએ તો સ્કાઈમેટ વેધરના રિપોર્ટ મુજબ દક્ષિણી તમિલનાડુ, દક્ષિણી કેરળ અને લક્ષદ્વીપમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. તમિલનાડુ અને કેરળમાં વરસાદ ઓછો થશે પરંતુ લક્ષદ્વીપમાં વરસાદ ચાલુ રહેશે.

ઉત્તર તમિલનાડુ, ઉત્તર કેરળ, અને આંદમાન તથા નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આંધ્ર પ્રદેશના દક્ષિણી તટ અને દક્ષિણી કર્ણાટકમાં હળવા વરસાદની શક્યતા છે. ઉત્તર પશ્ચિમ ભારત અને મધ્ય ભારતના કેટલા ભાગોમાં ન્યૂનતમ તાપમાનમાં મામૂલી ઘટાડો થશે. હાલના વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં ભારે બરફવર્ષા થઈ છે. આ ઉપરાંત તે સીઝનનો સૌથી ભારે દોર રહ્યો. જેમાં મધ્ય અને ઊંચાઈવાળા વિસ્તારોમાં સારી બરફવર્ષા થઈ.

પહેલગામ, ગુલમર્ગ, અને સોનમાર્ગના સ્કી રિસોર્ટ્સની સાથે- બાંદીપુર, સાધના ટોપ, ગુરેઝ ઘાટી, મુઘલ રોડ, માછીલ વિસ્તાર વગેરેના કેટલાક ભાગોમાં બરફવર્ષા થઈ. આ ગતિવિધિઓ શનિવાર સાંજે શરૂ થઈ અને રવિવાર સુધી ચાલુ રહી. આ ઉપરાંત આ બરફવર્ષાના કરાણે મુઘલ રોડ પણ બંધ કરવામાં આવ્યો હતો.

## તામીલનાડુમાં પૂરની ભયાનક હાલત : તુતીકોરીનમાં ૨૪ કલાકમાં ૩૭ ઈંચ વરસાદ

ચેન્નાઇ, તા.૧૯

તામીલનાડુના અનેક ભાગોમાં અતિ ભારે વરસાદ વચ્ચે પૂર પરિસ્થિતિ યથાવત જ રહી છે. વરસાદી દુર્ઘટનામાં વધુ ત્રણ લોકોના મોત નિપજયા હતા.પુરની હાલતમાં એક ટ્રેન ફસાતા તેમાં પ્રવાસ કરતાં ૮૦૦ મુસાફરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

તામીલનાડુના દક્ષિણી જીલ્લાઓમાં વરસાદ-પૂરનો પ્રકોપ રહ્યો છે. સતત ત્રણ દિવસથી એકધારા ભારે વરસાદને કારણે શહેરો-ગામડાઓમાં જળબંબાકાર બની રહ્યા છે અને આજે પણ સ્કુલો સહિત શૈક્ષણિક સંસ્થાનોમાં રજા જાહેર કરવામાં આવી હતી. રાજ્યમાં વરસાદી દુર્ઘટનામાં વધુ ૩ના મોત થતા મૃત્યુઆંક ૬નો થયો છે.

તામીલનાડુના થુરુકુડી જીલ્લાના અનેક ભાગોમાં ૨૪ કલાકમાં ૨૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો.

## ચોખાના ભાવમાં મિડલ-ક્લાસ અને ગરીબોને રાહત મળશે, મોદી સરકારે આદેશ આપ્યો

નવીદિલ્હી,તા.૧૯

નરેન્દ્ર મોદી સરકારે રિટેલ બજારમાં ચોખાની કિંમતને લઈને એક મોટો નિર્ણય લીધો છે. જેનાથી માર્કેટમાં ચોખાના ભાવ ઘટશે અને ગ્રાહકોને મોટી રાહત મળશે. કેન્દ્ર સરકારે રાઈસ ઈન્ડસ્ટ્રી એસોશિએશનને તત્કાલ પ્રભાવથી ચોખાની કિંમતમાં ઘટાડો કરવા માટે આદેશ આપ્યો છે.

આ સંબંધમાં ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપડાએ નોન-બાસમતી ચોખાના સ્થાનિક ભાવની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં આ આદેશ આપવામાં આવ્યા છે. બેઠકમાં ચોપડાએ ઉદ્યોગને રિટેલ બજારમાં કિંમતોને યોગ્ય સ્તર પર લાવવાના ઉપાય કરવા કહ્યું. પીઆઈબી દ્વારા જાહેર નિવેદનમાં જણાવવામાં આવ્યું કે ઉદ્યોગ સંગઠનોને સુચન આપવામાં આવ્યા છે કે પોતાના સંઘના સદસ્યોની સાથે આ મુદ્દાને ઉઠાવે અને સુનિશ્ચિત કરે કે ચોખાની રિટેલ કિંમત તત્કાલ પ્રભાવથી ઓછી કરવામાં આવે. એવામાં ખરીફના સારા ભાવ, ભારતીય ખાદ્ય નિગમની પાસે પર્યાપ્ત ભંડાર હોવા અને ચોખાના નિકાસ પર બેન છતાં ઘરેલુ બજારમાં નોન-બાસમતી ચોખાના ભાવ કેમ વધી રહ્યા છે. સરકાર દ્વારા નોન-બાસમતી ચોખાના નિકાસ પર બેન લગાવ્યા છતાં કિંમતોમાં વધારો ચિંતાનો વિષય છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO:153**
વિષયઃ " સંબંધો ની આંટીઘૂંટી"
શીર્ષકઃ"સંબંધો નું બંધન".
પ્રકારઃગધ્ય.
શબ્દોઃ૧૯૮ લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.

કોઈપણ સંબંધ માં તમારાં પ્લસ અને માઈનસ પોઈન્ટ ની માર્કશીટ વ્યકિત દીઠ બદલાઈ જતી હોય છે.જો જવાબ પ્લસ માં આવે તો સંબંધ ટકે છે અને માઈનસ માં આવે તો સંબંધ અટકે છે. એકબીજાં થી મળતી હુંફ એટલે સંબંધ,એકબીજાં થી ચડતો હાફ એટલે બંધન. જે ઘર માં પુરુષ નો અવાજ શંખનાદ જેવો અને સ્ત્રી નો અવાજ વાંસળી જેવો હોય તો તે સંબંધ,તેનાં થી ઉલટું હોય તો તે બંધન. તમારો જીવનસાથી મનગમતો મળે તો તે સંબંધ થનગનતો મળે તો તે ત્રૃણાનુંબંધ
અને બડબડતો મળે તો તે બંધન. એકબીજા ની જરૂરીયાત પુરી કરે તે સંબંધ,એકબીજા ને જરૂરીયાત માટે ટટળાવે તે બંધન.
જે માંગો તે મળે તે સંબંધ,જે આપે તે મળે તે બંધન.
જે ઘર માં લાગણીઓ નાં સૂર સંભળાય તે સંબંધ,માગણીઓ નાં સૂર સંભળાય તે બંધન.
તમારી અપેક્ષાઓ પૂરી કરે તે સંબંધ, અપેક્ષાઓ ની ઉપેક્ષા કરે તે બંધન.
કુટુંબીજનો કુટુંબ ને ઊંચુ લાવવાં માટે કરેલ તમારાં કાર્યો ને ગણગણે તે સંબંધ, અવગણે તે બંધન.
વિચારો ની મોકળાશ હોય તે સંબંધ, વિચારો તમારાં પર થોપાય તે બંધન.
જે તમારી સાથે હુદય થી વર્તે તે સંબંધ, મગજ થી વર્તે તે બંધન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS N0:167***
★પ્રકાર::: ગદ્ય...માઈક્રોફિકશન..વાર્તા★
★વિષય :" સંબંધોની આંટીઘૂંટી "★
★શીર્ષક ;;;:"કંકાવટી"★
★શબ્દ સંખ્યા.....૧૬૦★

(રચના)
★માઈક્રોફિકશન વાર્તા . "કંકાવટી"★

"વહુ..એ..વહુ.."

"કેટલી વાર બોલાવવી, કામમાં ધ્યાનજ નથી, સાવ વેતા વગરની છે. જલ્દીથી કંકાવટી લાવ, પૂજાનું મોડું થાય છે. તને ખબર નથી, પણ, બા બહુ ગુસ્સા વાળા હતા."

"એ આવી બા"... ને ઉતાવળમાં સુમનનાં હાથમાંથી ચાંદીની કંકાવટી પડીને તૂટી ગઈ.

"અરે! વેતા વગરની આ કંકાવટી આપણા બાપ દાદાએ આપેલી અમૂલ્ય ભેટ હતી. તે તોડી નાખી. સાવ ભાન વગરની છો...."

"ઉજમબા, તમે?"

"હા, હું."

"મેં, હજી પૂજા તો શરૂ નથી કરી."

"એટલે તું, પૂજા કરે, મને બોલાવે, તો જ હું આવી શકું એવું તારું કહેવું છે."

"ના, બા, આ વેતા વગરનીએ ચાંદીની કંકાવટી તોડી નાખી."

"મેં, તને કહ્યું હતું. આ બાપ દાદાની ભેટ છે. સાચવજે ઉપયીગમાં ન લેતી, તો, શું કામ વહુ પાસે માંગી, ભૂલતો તારી છે ઉપરથી વહુને જેમતેમ કહે છે..."

"બા, મારી ભૂલ થઈ."

"ગંગા તૂટેલી કંકાવટી તો રીપેર થઈ જશે. તે વહુને કહેલા કવેણનું શું થશે." ગંગાબા નીચું જોઈ ગયા.

"ઉજમબા, ગંગાબા તમે મને માફ કરી દીધી એ મારા માટે ઘણું છે."

★નરેન્દ્ર ત્રિવેદી....★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 166**
પ્રકાર :- પધ્ય
વિષયઃ- "સબંધોની આંટી ધૂંટી"
શિર્ષક :- " ચિનગારી "
શબ્દોઃ- ૧૧૯

કાવ્ય રચના
=========
સબંધોના તીર સરરર કરતાં,
મારા હદયને છેદ કરી ગયા,
નયનોમાંથી અશ્રુ વહાવીને,
મુજને દુઃખી કરતા ગયા.

પ્રેમથી મે પંપાળ્યા હતા જેને,
નફરતની ચિનગારી ચાંપી ગયા,
ઉપકાર મારો માનવને બદલે,
દગાનો ઈતિહાસ રચી ગયા.

વેદનાથી પીડાતો રહ્યો હતો હું,
દરકાર કરવા કોઈ ઉભા ન રહ્યા,
મારા હદયમાં અગ્નિ પ્રગટાવીને,
ઠાર્યા વગર તેઓ ચાલ્યા ગયા.

વિશ્ર્વાસ હતો જેની ઉપર મુજને,
તેઓ દુઃખી કરીને છૂપાઈ ગયા.
પસ્તાવો થઈ રહ્યો છે હવે મુજને,
સબંધનો તંતુ કેમ તોડી ગયા ?

એવી કેવી ભૂલ થઈ મુજથી,
મનમાં વલોપાત મુકતા ગયા,
પ્રેમથી સાથ આપ્યો હતો જેને,
સમય સાથે સૌ બદલાઈ ગયા.

અંતે હવે સમજાય છે મુજને,
સબંધને લાયક કોઈ નથી રહ્યા.
મતલબની છે દુનિયા "મુરલી"
મુજને સદા જાગૃત કરતા ગયા.

રચનાઃ- ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 161**
પ્રકાર : પદ્ય
નામ : ગ્રીષ્મા પંડ્યા

વિષય : સંબંધોની આંટીઘૂંટી

સંબંધોની આંટીઘૂંટી ના સમજાઈ ના સમજાશે,
ખેલ માનીને ખેલે બધાં તો કેમ કરીને કળાશે ?
દિલથી દિલનાં સંબંધ આ તો ના ઠેલાયા ના ઠેલાશે.

એકબીજાને દીધાં કૉલ,તો દિલના દરવાજા ખોલ,
સંબંધોમાં લાગ્યો કાટ તો એવા બંધનનો ના મોલ!
ભુલભુલામણી લાગે જીંદગી, પોલંપોલ જાણે ઢોલ.

વફાદારીના વાવો બીજ તો, લખલૂટ મોલ ઉતરશે,
પ્રેમ આપીને પ્રેમ પામો તો સઘળો ફાલ સુધરશે!
સંબંધોની એ આંટીઘૂંટી પછી પળભરમાં ઊકલી જાશે.
०००ગ્રીષ્મા પંડ્યા ०००

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 174**
પ્રકાર : ગદ્ય
વિષય : સબંધોની આંટીઘૂંટી
શીર્ષક : ત્રણ કિલો પાટલાસાસુ
શબ્દ સંખ્યા : ૩૪૫

"એલા છગન, આ તારી ઘરે હમણાં મેમાનોનો મારો બહુ છે કે શું?"
"હા છે ને એમાં તારે શું?" છગન બોલ્યો.
"મારે કંઈ નહિ,આતો તારી દયા આવે ! "મગન હસ્યો.
"તારે દયા જ ખાવી છે ને!! તો લે આ થેલી બે કિલો બટાકા લાવી આપ, કરસનકાકાની દુકાનેથી. " છગન થેલી ધરતા બોલ્યો.
"ના હો ,એવા બાયમાણાના કામ આપણે ના કરીએ" કપાળ પર હાથ ફેરવી વાળ ઉચા કરતો મગન બોલ્યો. "પણ એતો કહે કે મેમાન કોણ છે? પરમ દી ત્રણ આવ્યા ને કાલે બીજા ચાર આવ્યા.
"છે મારા સાસુ સસરા ને મારી પાટલા સાસુ,બધા સંક્રાંત કરવા આવ્યા છે." છગન દયામણા ચહેરે બોલ્યો.
"પણ,તું તો કેતો'તો ને કે તારા સસરાને એકનાએક જ દીકરી છે,તો આ પાટલાસાસુ ક્યાંથી ટપકી?"
"મારા કાકાજી સસરાની દીકરી છે"
"ઓહ,એવું છે! તો આ કાલે આવ્યા એ?"
"એ પણ મારા સાસુ સસરા ને પાટલાસાસુ છે."
"એલા એ કેમ બને? બબે સાસુ સસરા!!" અસમંજસ ચહેરે મગન બોલ્યો.
"એ તારી આગલી ભાભીના મમ્મી પપા"
"કોરોનામાં ગુજરી ગઈ એ ભાભીને?"
"હા,તારી હાલની ભાભીને એ સગી દીકરી જેવી ગણે છે એટલે." છગન દુઃખ ને હરખના મિશ્રિતભાવ સાથે બોલ્યો.
"કેવો સુખી છો,બેબે સસરા,બેબે સાસુ ને ત્રણ પાટલા સાસુ" મગન કટાક્ષથી હસ્યો.
"એ આ રહ્યા છગનલાલ, એ જીજાજી અમે ઘરે જઈએ છીએ,તમે આવજો." રિક્ષા અને એમાં બેઠેલ ત્રણ જણા વાવાઝોડા જેમ બાજુમાંથી પ્રસાર થઈ ગયા. બાઘાની જેમ છગન જોઈ રહ્યો ને મગન મોજ માં આવી બોલ્યો,"આ કોણ ટપક્યું વળી!!"
"એ પણ સાસુ સસરા ને પાટલા સાસુ." મગન કઈ પૂછે એ પેલા જ છગન બોલ્યો, "તારી ભાભીના પાડોશી જેણે તારી ભાભીને ધરમની દીકરી બનાવેલ છે, સંક્રાંત કરવા આવ્યા લાગે છે." ઘરે જવું કે બટાકા લેવા એવી ઉલઝનમાં ફસાયેલા છગનને એનો જીગરજાન મિત્ર મગન સમજી ગયો.ને બોલ્યો,"તું ઘરે જા,હું બટાકા લઈ આવું છું"
છગન હાંફળો ફાંફળો ઘર તરફ દોડતા મગનને બૂમ પાડી,"એ બટાકા ત્રણ કિલો લેજે"
હાથમાં થેલી ઉલાળતા જતા મગનનો મગજ ઘુમરે ચડ્યો.એક પાટલાસાસુ... બીજી... ને વળી આ ત્રીજી.. છગનના સંબંધની આંટીઘૂંટીએ મગનનો મગજ ફેરવી નાખ્યો.
"શું આપું? " કરસનકાકા બોલ્યા.
ને વિચારમાં ને વિચાર માં મગને ભરડ્યું,"ત્રણ પાટલસાસુ" ફરી બાફ્યાંનું ભાન આવતા સુધારીને બોલ્યો,"ત્રણ કિલો બટાકા."
આજે પેલી વાર મગનને ખરેખર છગનની દયા આવી ને પોતે વાંઢો હોવાનો ગર્વ થયો.
- શાંતિલાલ કાશિયાણી ( ધ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:158**
વિષયઃ સંબંધોની આંટીઘૂંટી
શીર્ષકઃ સાચો
આભાર - નિહારીકા રવિયા સંબંધ
શબ્દ સંખ્યાઃ૧૭૫
લેખકનું નામઃ પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ'

સંબંધોમાં સ્વાર્થ ન હોય, સ્વાર્થ હોય ત્યાં સંબંધ ન હોય,
સંબંધોમાં જ્યારે તિરાડ પડી જાય, સંબંધોની ઈમારત ખોખલી કરતી જાય.!

જીવનનો અર્થ જીવન જીવીને મળે, સંબંધનો અર્થ સંબંધ નિભાવીને મળે,
સંબંધમાં એકમેકના પહેરેદાર નહીં, પૂરક અને પ્રેરક બનવાનું હોય.!

કેટલાક સંબંધોના નામ નથી હોતા, કેટલાક સંબંધો ફક્ત નામના જ હોય,
જેની સંબંધ રાખવો જ છે તે હજારો ભૂલો ભૂલી જતાં હોય.!

કેટલું કહી ગયા, કેટલું સહી ગયાં ,કેટલું કે'તા કે'તા રહી ગયાં,
સાચાં ખોટાની રમતમાં ન જાણે કેટલાય સંબંધો વહી ગયાં.!

દરેક સંબંધ કહેશે કે હું તારી લાગણી સમજુ છું,
સાચો સંબંધ કહેશે કે હું તારી લાગણી અનુભવુ છું.!

મળીએ ત્યારે આંખમાં હરખ, અલગ પડતી વેળાએ આંખમાં થોડી ઝાંકળ હોય,
સંબંધોની શાળા ટકાવી રાખવી હોય ગણિત વિષય કાચો હોય.!

મસ્ત ખળખળ વહેતાં સંબંધ બધા,
સ્મરણમાં પળપળ રહેતાં અકબંધ સદા,
ભેજામાં જે ભર્યું છે બધું ભુલવામા પણ મજા, સંબંધો તો બસ મન મૂકીને ખુલવામાં મજા.!

સંબંધોની સિલાઈમાં સ્વાર્થનો નહીં,લાગણીનો દોરો વાપરવો ભૂલશો નહીં,
સંબંધો મોટે ભાગે સાચું બોલવાથી તૂટે ,ખોટું બોલવાથી નહીં.!

જે બાંધવાથી બંધાય અને તોડવાથી તૂટી જાય એનું નામ બંધન,
જે આપમેળે બંધાય અને જીવનભર ન તૂટે એનું નામ સબંધ.!

સંબંધ ભલે ગમે તે હોય મનથી હોવો જોઈએ મતલબથી નહીં,
'પ્રેમ' સબંધ ટકાવવો હોય તો સમજવાની કોશિશ કરો, સમજાવવાની નહીં.!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.183**
પ્રકાર :- પદ્ય
વિષય :- સંબંધોની આંટી ઘૂંટી

★કામ કરું છું★

નસીબનાં જોગે કામ કરું છું,
સંબંધનાં ભોગે ધામ કરું છું.

જાગી ગયો છું પહેલા પહોળે,
તન મારું કુદરતને નામ કરું છું.

પાણી જાણે થયું ડહોળું કેમ,
ફટકડીનાં નામે ડામ ભરું છું.

ગૂંચવણ ઊભી છે લાંબી ડોરે,
ટેન્શનની અણધારી જામ ભરું છું.

ગેર સમજોની ઊભી દિવાલો,
દૂર કરી સંધી સરે આમ કરું છું.

★રચનાકારઃ- આલમ કાસિમ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

નામઃ તુષાર પંડયા 'રૂદ્ર'
**NOG SS No.179**
વિષયઃ સબંધોની આંટીઘૂંટી
પ્રકાર : પદ્ય

સંબધોની લાગી છે,આ કેવી માયા?
છોડવી મુશ્કેલ લાગે છે, માટીની કાયા!

સજાવીને બેઠા સંબંધોની લીલીવાડી;
સુગંધી ફૂલો પણ વારાફરતી કરમાયા!

લાગીણીનાં પાણીથી સંબંધોને સિંચ્યા;
સુખ-દુઃખમાં સંબંધોએ ખંતથી સંભાળ્યા!

જીવનના ઉજ્જડ બાગને મુશ્કેલીથી શણગાર્યો;
સત્તા-સંપત્તિ નહીં પણ સ્નહેના સંબંધો કમાયા!

દુનિયામાં આવ્યા તો સૌનું જવાનું નિશ્ચિત છે;
કર્મના ભાથા મુજબ મોક્ષ કે મળશે નવી કાયા!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.181**
વિષય : સંબંધોની આંટીઘુંટી
પ્રકાર : કાવ્ય
નામ : સુરમી બધેકા"કૌસુમી??"
શિર્ષક : સંબંધોની ગૂંચ

સંબંધોની આંટીઘુંટીમાં અટવાયેલા છે લોકો,
જીવનની સુંદરતા ભૂલી,ખોટા રસ્તાઓ ભટકાઇ જાય છે

પરિવાર, મિત્રો, પ્રિયતમ,ભાર છે સૌનો
ભૂલીને સ્વયંને જિંદગીની ઉલજનમાં
ખોવાય જાય છે

સંબંધોમાં સંતુલન રાખવું છે અગત્યનું
સહુને પ્રાધાન્ય આપવું,પણ પોતાનું મહત્વ ખુદને જ ભૂલાઇ જાય છે

સંબંધો સાધન છે જીવનને સુંદર બનાવવાનું,
એ હેતુ સાધી કૌસુમી??રસ માં ડુબી
સ્વયંને પ્રેમ કરીને પણ જીવન આનંદ મનાવાય છે

# શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા દ્વારા 'જીવદયા સ્પર્શ ઉત્સવ' ઉજવવા 'શ્રીમદ ભાગવત સપ્તાહ' – જ્ઞાનયજ્ઞનું આયોજન

શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા દ્વારા જીવદયા સ્પર્શ ઉત્સવ ઉજવવા 'શ્રીમદ ભાગવત સપ્તાહ' – જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. પ.પૂ આચાર્ય સમ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા., પ.પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. શ્રી જંબુવિજયજી મ.સા.,પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વજસેનસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા., કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.,પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.નાં આશિર્વાદથી યોજાયેલ જીવદયા સ્પર્શ ઉત્સવમાં પુરાણાચાર્ય - માનસ રત્ન શ્રી રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રીજી કથા કરશે. 'શ્રીમદ ભાગવત સપ્તાહ'માં પધારવા સૌ ને શ્રી વિરમગામ ખોડાઢોર પાંજરાપોળ સંસ્થા, જીવમૈત્રી ધામ વીરપુર વીડ મોટી કુમાદ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ સપ્તાહમાં પરમાર્થરત્ન આચાર્યશ્રી પ.પૂ. દુર્ગાદાસજી મહારાજ, નિમ્બાર્ક પીઠાધિશ્વર મ.મં.મહંતશ્રી લલિતકિશોરશરણજી મહારાજ, નિર્મોહી અખાડા પીઠાધિશ્વર મ.મં.મહંતશ્રી કનીરામ બાપુ, મહંતશ્રી જાનકીદાસજી મહારાજ, મહંતશ્રી નારાયણદાસ બાપુ, મહંતશ્રી ભાર્ગવલાલજી મહારાજ મહંતશ્રી જગદીશદાસજી બાપુ, પરમાર્થ રત્ન ગૌ. વિપ્રસેવી મ.મં. મહંતશ્રી દિલીપદાસજી મહારાજ, વૈષ્ણવ સમ્રાટ, ભારતીય રામાનંદીય ખાડી અખાડા પંચના મહંતશ્રી મોહનદાસજી મહારાજ, મ.મં. મહંતશ્રી રામકુમારદાસજી મહારાજ, મહંતશ્રી રઘુનંદનદાસજી મહારાજ, ગૌભકત શ્રી કાલિદાસજી મહારાજ, મહંત શ્રી કેહુબાપુ, મહંતશ્રી ૧૦૦૮ લખીરામ બાપુ, પરમ પૂજ્ય ૧૦૦૮ વિરયોગી મ.મં. મહંત મહારાજ શ્રી શેરનાથ બાપુ, ગુરુ શ્રી ત્રિલોકનાથ બાપુ, મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી હરીહરાનંદ ભારતી બાપુ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પંચદરાનામ જુના અખાડા, કાશી ગિરનાર મંડળ પ્રમુખશ્રી મહંત ઈન્દ્રભારતી મહારાજ, મહંતશ્રી ધનશ્યામપુરી મહારાજ, ગુરુશ્રી શિવપુરીજી, મૉટી બોરૂ મહંતશ્રી નામદેવ બાપુ, મહંતશ્રી મહેશપુરીજી ગુરુશ્રી અમૃતપુરીજી મહારાજ ઉપસ્થિત રહેશે. 'શ્રીમદ ભાગવત સપ્તાહ'નાં મુખ્ય યજમાન લંડન(યુ.કે)થી શ્રીમતી શોભનાબેન સંચદેવ અને દિપેનભાઈ સચદેવ તેમજ સહ યજમાન ઉત્તમ ડેરીનાં પૂર્વ ચેરમેન નવઘણભાઈ ચેલાભાઈ ભરવાડ, કૃષ્ણ નવીનભાઈ ભરવાડ, ધર્મિષ્ઠાબન ધર્મેન્દ્રભાઈ કાઠી, કૌશિકભાઈ સકરચંદ પટેલ, આનંદીબેન કૌશિકભાઈ પટેલ અને કૃષ્ણભક્ત વૈષ્ણવ પરિવાર છે. 'શ્રીમદ ભાગવત સપ્તાહ'માં સભા મંડપ તથા ભોજન મંડપનાં લાભાર્થી બોરડીબજારનાં વિકટરી કોર્નરનાં સુભદ્રાબેન શાંતિલાલ ગાંધી પરિવાર, હીરાબેન શંકરલાલ પટેલ, દેવેન્દ્રપ્રસાદ નટવરલાલ પટેલ, જાકીરભાઈ કાદરભાઈ પટેલ પરિવાર છે. 'શ્રીમદ ભાગવત સપ્તાહ'માં શ્રી ભાગવત માહાત્મ્ય, ભીષ્મ ચરિત્ર - મહાભારત કથા, નરસિંહ પ્રાગટ્ય, શ્રી રામકૃષ્ણ જન્મોત્સવ, ગોવર્ધન પૂજા, શ્રી કૃષ્ણ રૂક્ષ્મણિ વિવાહ, શ્રી સુદામા ચરિત્ર પ્રસંગો વર્ણવવામાં આવશે. આ સાથે અબોલ જીવ સુશ્રુષા ભવનોનું ઉદઘાટન ભાઈશ્રી જયેન્દ્ર અમૃતલાલ વોરાની પ્રેરણા અને માર્ગદર્શનમાં જન્મદાતા-સંસ્કારદાતા-ધર્મદાતા માતા-પિતા (પોરબંદર નિવાસી) ભદ્રાબેન અમૃતલાલ (નાથાલાલ) વસનજી વોરા અને લલીતાબેન પ્રવિણચંદ્ર ભગવાનદાસ શાહ (ઢાંકી) તેમના ઉપકાર અને તેમના ઋણને યાદ કરતાં દીનાબેન તથા જયેન્દ્રભાઈ અમૃતલાલ વોરા -અંધેરી(પૂર્વ), મુંબઈ દ્વારા થશે તેમજ અબોલ જીવો માટે પાણીના હવાડા અર્પણ વિધિ મિલનભાઈ (મહેશભાઈ) તથા પ્રધુમનભાઈના સ્મરણાર્થે હસ્તેઃ કલ્પનાબેન પ્રધુમનભાઈ આશરા –અમદાવાદ, ભદ્રાબેન અમૃતલાલ (નાથાલાલ) વસનજી વોરા અને લલીતાબેન પ્રવિણચંદ્ર ભગવાનદાસ શાહ (ઢાંકી) તેમના ઉપકાર અને તેમના ઋણને યાદ કરતાં દીનાબેન તથા જયેન્દ્રભાઈ અમૃતલાલ વોરા -અંધેરી (પૂર્વ), મુંબઈ, ×શ્રી પૂષ્પમ× (દમણ-મુંબઈ-સુરત)ના જીવદયા પ્રેમી પુણ્યશાળીઓ તરફથી અને સવા લાખ હનુમાન ચાલીસા અનુષ્ઠાનમાં સમાજ દ્વારા પ્રાપ્ત આર્થિક સહયોગમાં મળેલી ધનરાશિમાંથી શેષ ધન રાશિ હ. શ્રી બજરંગ મંડળ જીઆઈડીસી, વિરમગામ તરફથી કરવામાં આવશે. 'શ્રીમદ ભાગવત સપ્તાહ'નાં આયોજનમાં ડૉ. શશીકાંત રતીલાલ શાહ હ. દિપકભાઈ, શ્રીમતી વસંતીબેન મુલચંદભાઈ નાગરદાસ પરિવાર, કાંતીલાલ જીવરાજ સોની હ. ભાણાભાઈ સોની, હીરેનભાઈ ધારૈયા, સુમતીચંદ્ર ચંદુલાલ શેઠ, મોટા હરીપુરા અમદાવાદ જીલ્લા ઉપપ્રમુખ દિપકભાઈ ભુદરભાઈ પટેલ, દાનસંગભાઈ માનસંગભાઈ સિંધવ હ. ભરતભાઈ સિંધવ -ગામ ઘોડા, જનકભાઈ રતીલાલ પટેલ, શ્રીમતી લક્ષ્મીદેવી, ગોપાલભાઈ સારડા હ. શિવ હોસ્પીટલનાં ડૉ. પ્રકાશભાઈ સારડાનો સતત સહકાર રહ્યો છે.

### ડાંગ જિલ્લા પોલીસની સરાહનીય કામગીરી

# સાપુતારા પોલીસની "સી ટીમ" દ્વારા લોકોને સરકારી યોજનાકીય માહિતી પુરી પડાઈ



## સમાજના દુષણ એવા 'ડાકણ પ્રથા' નાબુદી અંગે જાગૃતિ ફેલાવી મહિલાઓ સાથે મુલાકાત કરી

આહવા

ડાંગ જિલ્લા પોલીસની "સી ટીમ" દ્વારા "પ્રોજેક્ટ સંવેદના" અંતર્ગત સાપુતારા પોલીસ સ્ટેશન વિસ્તારના નડગચોંડ ગામની મહિલાઓ, બાળકો, યુવક- યુવતીઓ અને વૃધ્ધોને સરકારની યોજનાકીય માહિતી પુરી પાડી, યોજનાકીય લાભો અંગ જરૂરી જાણકારી આપવામા આવી હતી.

જેમા સરકારની સ્વરોજગારલક્ષી યોજનાઓ વિશેની જાણકારી, તેમજ લોકો માટે સહાય પુરી પાડતી પ્રધામંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજના, વૃદ્ધ પેન્શન યોજના, વિધવા સહાય પેન્શન યોજના વિશે જરૂરી માર્ગદર્શન અને માહિતી આપવામા આવી હતી. જેનો મુખ્ય હેતુ પોલીસ અને પ્રજા વચ્ચે મિત્રતાનો સંબંધ કેળવાય તે માટેનો હતો.

આ ઉપરાંત ડાંગ પોલીસના "પ્રોજેક્ટ દેવી" અંતર્ગત નડગચોંડ ગામે પોલીસના જાગૃતિ કાર્યક્રમ સાથે, એક વિધવા બહેન દ્વારા તેમના કુંટુબીજનો દ્વારા તેણીને 'ડાકણ' કહી હેરાન પરેશાન કરવામા આવતી હોવાની રાવ કરતા, પોલીસની "સી ટીમ"ને પોતાની વ્યથા સંભળાવી હતી. પોલીસની સી ટીમે પીડિતાની વ્યથા સાંભળી, તેને આશ્વાસન આપ્યુ હતુ. તેમજ સમાજમા સ્વમાનભેર જીવવાના હક્ક અંગે માહિતી આપી, બહેનને પોતાના પ્રશ્ન અંગે પોલીસ ફરિયાદ કરવા જણાવ્યુ હતુ. તેમજ આ બહેનને કોઈપણ જાતની હેરાનગતિ નહિં વેઠવી પડે તેની ખાત્રી પણ આપી હતી.

ઉપરાંત સાપુતારા પોલીસની "સી ટીમ" દ્વારા ×પ્રોજેક્ટ દેવી× અંતર્ગત સુપદહાડ ગામે ડાકણ પ્રથાનો ભોગ બનનાર શ્રીમતી સકુબેન સુરેશભાઈ પવારની મુલાકાત કરી હતી. જ્યાં શ્રીમતી સકુબેન જણાવ્યુ કે, ડાકણ પ્રથા નાબૂદી કાર્યક્રમમા તેઓને બોલાવી પોલીસ દ્વારા સન્માનિત કરવામા આવી હતી. તેમજ તેઓને પ્રતાડીત કરનારા લોકોને પણ બોલાવ્યા હતા, અને તેઓને સખત શબ્દોમાં ચેતવણી આપી સમજાવ્યા હતા. જે કાર્યક્રમ બાદ હવે સુકુબેનને કોઈ પણ જાતની હેરાનગતિ વેઠવી પડી નથી. તેઓના જીવનમા હવે શાંતિ છે. હવે ગ્રામજનો અને કુટુંબના લોકો પણ ખૂબ જ સારો વ્યવહાર કરે છે. સમાજના શુભ પ્રસંગોમાં તેઓને અને તેઓના પરિવારને બોલાવે છે. તેમ જણાવી સુકુબેને પોલીસની "સી ટીમ"નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીસા ખાતેથી શંકાસ્પદ ઘી બનાવતી બે ફેક્ટરીઓ પકડી પાડતુ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર



## રૂ. ૯.૫૦ લાખની અંદાજીત કિંમતનું શંકાસ્પદ ઘી અને એડલટ્રે?ટ તરીકે વપરાતું વનસ્પતી ઘી આશરે ૩૨૦૦ કિગ્રાનો જથ્થો જપ્ત : ડો. એચ. જી. કોશિયા

કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું છે કે, રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ અને કટીબદ્ધ છે. રાજયમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.જેના ભાગરૂપે બનાસકાંઠાના ડીસા ખાતેથી શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી પકડી પાડીને રૂ. ૯.૫૦ લાખની અંદાજીત કિંમતનું શંકાસ્પદ ઘી અને એડલટ્રન્?ટનો વનસ્પતી ઘી આશરે ૩૨૦૦ કિગ્રા જથ્થો જપ્ત કરાયો છે.

શ્રી કોશિયાએ ઉમેર્યું કે, પાલનપુરના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને જીલ્લા પોલીસ તંત્રને બનાસકાંઠા ખાતે ઘીમાં ભેળસેળ કરવામાં આવે છે તેવી મળેલ બાતમી મળી હતી જેના આધારે રેડ કરવામાં આવી હતી. જેમાં મે. શ્રી પદમનાથ ફુડ પ્રોડકટસ, પી.એન. ઈન્ડસ્ટ્રીઝ પાર્ક, રેલવે ફાટક પાસે, ડીસા, પાલનપુર ખાતે પેઢીના માલિક લોમેશ યોગેશભાઈ લીંબુવાલાની હાજરીમાં શંકાસ્પદ ઘી નો એક નમુનો લેવાયો હતો. જયારે અંદાજીત રૂ. ૧.૬૨ લાખની કિંમતનો બાકીનો ૪૫૦ કિગ્રા જથ્થો સ્થળ ઉપર જપ્ત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત ડીસા, બનાસકાંઠા ખાતે આવેલ બીજી પેઢી મે. ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ, રેલવે સ્ટેશન રોડ, ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરતા સ્થળ ઉપર શંકાસ્પદ ઘી અને એડલટ્રન્?ટ તરીકે વનસ્પતિ ઘી મળી આવતા પેઢી ના માલિક શ્રી ઠક્કર દિનેશભાઈ ની હાજરી માં શંકાસ્પદ ઘી ના પાંચ નમુના લેવામા આવ્યા છે અને બાકીનો અંદાજીત કિંમત રુ. ૫.૫૦ લાખની કિંમતનો આશરે ૧૩૫૦ કિ. ગ્રા. ઘી નો જથ્થો અને એડલટ્રન્?ટ તરીકે વનસ્પતિ ઘી ના બે નમુના લેવામાં આવ્યા જયારે બાકીનો આશરે અંદાજીત કિંમત રૂ. ૨.૫૦ લાખ કિંમતનો ૧૪૦૦ કિગ્રા જથ્થો જપ્ત કરવામાં આવ્યો

## ડાંગ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કરોડોનો ભ્રષ્ટાચાર પ્રકરણમાં તપાસનો દોર શરૂ..?

આહવા.

ડાંગ જિલ્લામાં કેન્દ્ર સરકાર ના પ્રધાનમંત્રી આવાસ યોજનામાં આહવા, સુબીર અને વઘઈ તાલુકામાં કર્મચારીઓ ઓડિટ ના નામે હપ્તો પાસ કરવા માટે તેમજ લાભાર્થીના એકાઉન્ટમાં રૂપિયા નાખવા માટે લાભાર્થી પાસેથી એક હપ્તા પેટે રૂ.૧૫૦૦ પડાવી લેવાના પ્રકરણનો ન્યૂઝ ઓફ ગાંધીનગર અખબાર એ પડઘાર કરી ભ્રષ્ટાચારનો પરદાફાસ કરતા સફાળા જાગેલા ડાંગ વહીવટ તંત્રએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે ડાંગ જિલ્લા વિકાસ અધિકારી એ જણાવ્યું હતું કે ટીડીઓ પાસેથી અહેવાલ મંગાવ્યો છે એ અહેવાલ જોયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે નું જણાવ્યુ હતું ન્યૂઝ ઓફ ગાંધીનગરના અહેવાલ બાદ આજે ડાંગ જિલ્લામાં વહીવટી તંત્ર તેમજ રાજ કારણીઓ દોડતા થઈ ગયા હતા.

## શબ્દ વાવેતર એક પરિવાર દ્વારા પુસ્તક વિમોચન અને દ્રિતીય સ્નેહ મિલન યોજાયું......

લેખક લેખિકાઓ કવિઓનું બનેલું એક ગૃપ એટલે શબ્દ વાવેતર એક પરિવાર જે ગૃપમા લેખક લેખિકાઓ કવિઓ જોડાયેલા છે જે ગૃપ થકી એક પુસ્તક વિમોચન નું આયોજન ઊંઝા ઉમિયાધામ ખાતે યોજાઈ ગયું જેમાં કુલ ૨૯ પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં ૬ પુસ્તકો શબ્દ વાવેતર એક પરિવાર ના સહિયારા પ્રકાશિત કરવામાં આવ્યાં બાકીના ૨૩ પુસ્તકો નામાંકિત લેખક લેખિકાઓ નાં સ્વતંત્ર પ્રકાશિત થયાં આ કાયૅકમ નાં અધ્યક્ષ તરીકે ડો કિશોરભાઈ જીકાદરા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન અતિથી વિશેષ નિરંજન શાહ ×નીર×પુસ્તક વિમોચન ની ટીમ આઠ એડમીન ટીમ પિનાકીન પારેખ કિરણ શર્મા×પ્રકાશ×શોભા મિસ્ત્રી ×અક્ષય× તરલીકા પ્રજાપતિ ઈડરીયા ગઢ નું ગૌરવ અને પ્રજાપતિ સમાજ નું કુંભાર રત્ન ×તત્વમસિ× જીવતીબેન પીપલીયા ×શ્રી×નિશા નાયક ×પગલી× પુષ્પક ગોસ્વામી ×નિષ્પક્ષ× અને હરીશભાઈ થાનકી અને સમગ્ર ગૃપે સુંદર આયોજન પુસ્તકો પ્રકાશિત કરવા માટે કર્યું હતું આ દિવસે તરલીકા પ્રજાપતિ તત્વમસિ નો જન્મ દિવસ હોય કેક કાપી જન્મદિવસ ને પણ સાથે સાથે મનાવ્યો હતો પુસ્તકો એ માનવી ને ક્યારેક એકલો પડવા દેતા નથી જેથી આ ગૃપે પ્રકાશિત કરેલાં તમામ પુસ્તકો વાંચવા જરુરી છે.આવનાર સમયમાં આ ગૃપ શબ્દ વાવેતર એક પરિવાર વધુ પુસ્તકો પ્રકાશિત કરવા જય રહ્યું છે જેનું આયોજન પણ કરવામાં આવ્યું છે......

# પશુબા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનસિક નિરાધાર વ્યકિતઓને "પ્રભુજીનો આશરો"



રાજકોટમાં કુવાડવા મેઈન રોડ, નવાગામ બેડીપરા પોલીસ ચોકીની સામે, લાલ હનુમાન મંદિરની પાછળ આવેલ પશુબા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માનસિક નિરાધાર વ્યકિતઓનું સેવાધામ 'પ્રભુજીનો આશરો'' કાર્યરત છે. સંસ્થામાં માનસિક અને નિરાધારોની સારી સાર સંભાળ રાખવામાં આવે છે. સંસ્થાના કાર્યકરો માનસિક નિરાધારોને તમામ પ્રકારની મદદ કરવામાં આવે છે. અત્યારે સંસ્થામાં ૪૦ જેટલા માનસિક નિરાધારોને આશરો આપવામાં આવ્યો છે. જેને નવડાવવાં—ધોવડાવવા, નાસ્તો, ચા, ભોજન સહિતના કાર્યો સમય—સમય પર કરવામાં આવે છે અને જરૂર પડે આરોગ્ય વિષયક બાબતોનું પણ ધ્યાન રાખવામાં આવે છે. સંસ્થા માને છે કે, નિઃસ્વાર્થ ભાવે આવા કાર્યો સતત થવા જોઈએ અને શકય તેટલી યોગદાન સૌ કોઈએ આપતા રહેવું જોઈએ જેથી કરીને નિઃસ્વાર્થ ભાવે થતા કાર્યોને વેગ મળતો રહે અને આવા કાર્યો હાથ ઉપર લેતી વ્યકિત અને સંસ્થાઓને પણ પ્રેરણા મળતી રહે તે ખૂબ જરૂરી છે.સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં અનેકો નિરાધાર વ્યકિતઓને સાજા કરી અને તેમના પરીવાર સાથે પુનઃ મીલન કરાવેલ છે. માનસિક નિરાધાર વ્યકિત પુનઃ સાજો થાય તેની યાદ શકિત પરત આવે તે માટે નિષ્ણાંત તબીબોની પણ સેવા લેવામાં આવે છે. સંસ્થા દ્વારા આવા નિરાધાર વ્યકિતઓને આશરો આપી અને તેમની બનતી સારસંભાળ રાખવામાં આવી રહી છે. સંસ્થા આવા કાર્યોને આગળ ધપાવી શકે તે માટે આર્થિક રીતે મદદરૂપ થવા ઈચ્છતી વ્યકિતઓને પણ સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.રખડતાં—ભટકતાં માનસિક, પીડિત વ્યકિતઓને આમ જનતા પાગલ કહીને સંબોધન કરતી હોય છે ત્યારે આપણે તેને સહાનુભૂતિ પૂર્વક માનવીય અભિગમ દાખવી તેની સેવા કરી અને તેને પુનઃ સ્થાપિત કરવા પ્રયત્ન કરીએ તે ખૂબ જરૂરી છે. સંસ્થા આવા વ્યકિતઓને બાલ,દાઢી કટીંગ કરાવી, સ્નાન કરાવી, નવા વસ્ત્રો પહેરાવી, દરરોજ ૩ ટાઈમ ભોજન કરાવે છે તેમજ સવારે યોગ, કસરત, ગીત—સંગીત તથા ભજન સંભળાવવામાં આવે છે જેથી તેમની સારવારથી તેમની યાદશકિત પાછી લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.સંસ્થા દ્વારા ચાલતી કાયમી તિથી યોજના જેમાં ભોજન વિતરણ વાર્ષિક કાયમી તિથીનું ભોજન રૂા. ૫૧,૦૦૦૦, બર્થ—ડે લગ્ન વર્ષગાંઠ નિમીતે એક દિવસનો ભોજનનો લાભ રૂા.૩૫૦૦, આખા દિવસનું ભોજન રૂા.૯૦૦૦, સવારના ગરમ નાસ્તો એક દિવસનો રૂા. ૧૫,૦૦, બપોરનો નાસ્તો (એક દિવસનો) રૂા. ૧૧,૦૦, એક નિરાધાર માનસિક વ્યક્તિનો દવાનો ખર્ચ મહિનાનો રૂા. ૨૫૦૦ અંદાજીત થાય છે. હાલમાં સંસ્થાદ્વારા માનસિક અને નિરાધાર લોકોનો સેવાયજ્ઞ પતરાવાળા કામચલાઉ શેડમાં કાર્યરત છે સંસ્થા આગામી સમયમાં પાકા સ્લેબવાળા રૂમનું બાંધકામ કરવાનું વિચારી રહી છે તો આ સેવાયજ્ઞમાં ઉદાર ચિતે દાન આપવા અને જોડાવવા સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે.પશુબા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માનસિક નિરાધાર વ્યકિતઓને "પ્રભુજીનો આશરો' સંસ્થાના પ્રમુખશ્રી નિતાબા વિજયસિંહ જાડેજા, ઉપપ્રમુખશ્રી વિજયસિંહ પૃથ્વીસિંહ જાડેજા, ખજાનચીશ્રી યુવરાજસિંહ વિજયસિંહ જાડેજા, મંત્રી—સેક્રેટરીશ્રી મહંતશ્રી સંતોષગીરી બાપુ ગુરૂશ્રી મહંતશ્રી ઉપ સભાપતી ગોપાલગીરીબાપુ (જુના અખાડા, અંજાર—કચ્છ), સહમંત્રી—જનરલ સેક્રેટરી ભરતભાઈ સુથાર (માજી સૈનિક) સહિતના ખૂબ સુંદર રીતે કાર્યભર સંભાળી રહયાં છે.

## જિલ્લા પુરવઠાની ટીમ દ્વારા રેડ કરી જાહેર વિતરણ વ્યવસ્થા માટેનો અનાજનો જથ્થો સિઝ કરાયો

જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલની સુચના મુજબ તથા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મુખ્ય પુરવઠા નિરીક્ષકશ્રી પાલનપુર, તમામ પુરવઠા નિરીક્ષકશ્રીઓની ટીમ અને મામલતદારશ્રી, દાંતાની ટીમ દ્વારા ખાનગી બાતમીના આધારે તા.૧૮/૧૨/૨૦૨૩ના રોજ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના રતનપુર ગામે ઉમતીયાવાસ વિસ્તારમાં આવેલ મહંમદહનીફ ગુલાબનબી મેમણના રહેણાંકના મકાનમાં આકસ્મિક તપાસણી કરતાં મકાનના આગળના ભાગે ઘઉં તથા ચોખાનો જથ્થો પ્રાથમિક રીતે જાહેર વિતરણ વ્યવસ્થાનો ગરીબોને ફાળવાયેલ જથ્થો માલુમ પડેલ છે. જે ઘઉં-૦૭ કટ્ટા ૨૫૩.૭૦૦ કિ.ગ્રા. જેની બજાર કિંમત રૂ.૬૮૪૯.૯૦/- તથા ચોખા-૯૮ કટ્ટા, ૪૯૪૦.૫૦૦ કિ.ગ્રા., જેની બજાર કિંમત રૂ.૧૩૩૮૮૭.૫૫/- આમ કુલ રૂ.૧૪૦૭૩૭.૪૫/-(અંકે રૂપિયા એક લાખ ચાળીસ હજાર સાતસો સાડત્રીસ પુરા)નો જથ્થો સીઝ કરવામાં આવેલ છે.

તથા મેમણ મહોમદવારીસ ગનીભાઈ, રહે.મેમણ ઈન્દીરાનગર કોલોની, દાંતા, ધંધાનું સ્થળ ન્યુ બનાસ ટ્રેડર્સ, હડાદ રોડ, મહાલક્ષ્મી દાળબાટીની પાછળ, દાંતામાં આકસ્મિક તપાસણી કરતાં ઘઉં તથા ચોખાનો જથ્થો પ્રાથમિક રીતે જાહેર વિતરણ વ્યવસ્થાનો ગરીબોને ફાળવાયેલ જથ્થો માલુમ પડેલ છે. જે દુકાન નં.૧૦ ઘઉં-૨૩ કટ્ટા ખુલ્લા ૯૨૦ કિ.ગ્રા. જેની બજાર કિંમત રૂ.૨૪૮૪૦/- તથા ૫૩ કટ્ટાબંધ ૨૬૫૦ કિ.ગ્રા., જેની બજાર કિંમત રૂ.૭૧૫૫૦/- તેમજ દુકાન નં.૧ થી ૬ ચોખા-૧૧૯ કટ્ટા, ૫૯૫૦ કિ.ગ્રા., જેની બજાર કિંમત રૂ.૧૬૧૨૪૫/- આમ કુલ રૂ.૨૫૭૬૩૫(અંકે રૂપિયા બે લાખ સત્તાવન હજાર છસો પાંત્રીસ પુરા)નો જથ્થો સીઝ કરવામાં આવેલ છે. આમ તા.૧૮/૧૨/૨૦૨૩ ના રોજ કરેલ આકસ્મિક તપાસણી દરમ્યાન રૂ.૩૯૮૩૭૨/- (અંકે રૂપિયા ત્રણ લાખ અઠ્ઠાણું હજાર ત્રણસો બોત્તેર પુરા) નો જથ્થો પકડી સીઝ કરવામાં આવેલ છે એવું જિલ્લા પુરવઠા અધિકારીની અખબારીયાદીમાં જણાવ્યું છે.

## ડાંગ જિલ્લાની માધ્યમિક શાળાઓમા ત્રિસ્તરીય "સ્વામી વિવેકાનંદ વકૃત્વ-લેખન સ્પર્ધા" યોજાશે



આહવા

ડાંગ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ઇ.એમ.આર.એસ, તેમજ સમાજ કલ્યાણ હસ્તકની તમામ માધ્યમિક, અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમા માતુશ્રી કાશીબા હરિભાઇ ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ-સુરત દ્વારા તા. ૨૨ ડિસેમ્બર સુધી "સ્વામી વિવેકાનંદ વકૃત્વ-લેખન સ્પર્ધા" યોજવામા આવનાર છે. શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે રીતે શાળા કક્ષાએ ધોરણ ૯ થી ૧૨ના વિધ્યાર્થીઓ માટે વકૃત્વ તેમજ લેખન સ્પર્ધા યોજવામા આવનાર છે. શાળા કક્ષાની સ્પર્ધા માટે ટ્રસ્ટ દ્વારા પુસ્તકો આપવામા આવનાર છે. તેમજ એક થી ત્રણ વિજેતાઓને રોકડ પુરસ્કાર આપવામા આવશે. સંકુલ કક્ષાએ પ્રથમ વિજેતા થનાર વિધ્યાર્થીઓ માટે જિલ્લા કક્ષાની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાના વિષયો તરીકે ૧) સ્વામી વિવેકાનંદ જીવન-કવન, ૨) સ્વામી વિવેકાનંદ પ્રેરણાસ્ત્રોત ૩) સ્વામિ વિવેકાનંદ આધ્યાત્મિક જગતની પવિત્ર વિચારાધારા રાખવામા આવેલ છે.

### "વિકસિત ભારત સંકલ્પ યાત્રા "બનાસકાંઠા જીલ્લો

# બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ તાલુકાના કરજા ગામે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાભ અપાયા



ટી. બી ના ૫૬ સિકલસેલના ૧૪ દર્દીઓનું સ્ક્રીનિંગ કરાયું: ૧૫ નવા આયુષ્યમાન ભારત કાર્ડ કાઢવામાં આવ્યા

બનાસકાંઠા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ આદિજાતિ વિસ્તાર અમીરગઢ તાલુકાના કરજા ગામે આવી પહોંચતા ગામ લોકો દ્વારા ઉષ્માહભેર સ્વાગત કરાયું હતું.

આ રથ દ્વારા સરકારશ્રીએ આદિજાતિ વિસ્તારોમાં લાગુ કરેલી પ્રજાલક્ષી યોજનાઓ-કાર્યોની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ ગ્રામજનોએ રસપૂર્વક નિહાળી હતી. ઉપરાંત સ્થાનિક ગ્રામજનોને યોજનાકીય બેનરો, પેમ્પ્લેટ થકી સરકારશ્રીની સિદ્ધિઓ- ઉપલબ્ધીઓ અંગેનું સાહિત્ય વિતરણ કરીને લોકજાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

રથ દ્વારા ગામમાં કુલ ૪૦૭ જેટલા લાભાર્થીઓએ ઉપસ્થિત રહી વિવિધ યોજનાઓની માહિતી મેળવી હતી. જેમાં ૧૫ લાભાર્થીઓના નવા આયુષ્યમાન કાર્ડ કાઢી આપી તમામ લાભાર્થીઓને આયુષ્યમાન ભારત કાર્ડ સ્થળ પર વિતરણ કરવામાં આવ્યા હતા. તેમજ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના નવા ૫ કનેક્શનની નોંધણી કરવામાં આવી હતી. ઉપરાંત ટી. બી.ના ૫૬ દર્દી અને સિકલસેલ એનીમિયાના ૧૪ દર્દીઓના સ્ક્રીનિંગ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત ૪૦૭ જેટલા લાભાર્થીઓ અને ગ્રામજનોએ વિકસિત ભારત સંકલ્પના શપથ ગ્રહણ કર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.